# ધ્યાન દોરતી સૂચના સંબંધમાં રીત (નિયમ-૧૧૬)

(પહેલાં સચિવ સભ્યનું નામ પોકારે છે.)

સૂચના આપનાર સભ્ય:- "માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ......................... મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

(અહીં તેઓ સૂચનામાં જણાવેલી બાબત વાંચે છે)

**મંત્રીશ્રી:- નિવેદન વહેંચ્યા મુજબ.**

(આવા નિવેદન પર ચર્ચા કરવામાં આવતી નથી. પરંતુ વધુ માહિતી મેળવવાના હેતુ સારું એક કે બે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકાય છે.)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાની સુચના એટલે કે:-

"તાજેતરમાં આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજીંગ કંપનીમાં આગ લાગતાં અગ્નિશામક દળના ચાર કર્મીઓ ગંભીર રીતે દાઝી ગયેલ છે. આ કંપનીમાં અગાઉ પણ આગની દુર્ઘટનાઓ બની હોવા છતાં સંચાલકો સામે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી દ્વારા કડક પગલાં ન લેવાતાં પુન: આગ લાગતા તંત્ર સામે રોષ અને ભયની લાગણી પ્રસરી છે, તે નિવારવા અને દાઝી ગયેલ કર્મીઓને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ"

---

માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારનું નિવેદન          તા.૨૨/૦૮/૨૦૨૪

---

# ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળની
# તાકીદની જાહેર અગત્યની બાબત

તારીખ ૦૬/૦૮/૨૦૨૪ના રાત્રે આશરે ૦૮:૩૦ કલાકે ગોપાલપુરા ગામ ખાતે આવેલ સત્યેન્દ્ર પેકેજીંગ લિમિટેડ નામના કારખાનામાં આગ લાગેલ તેની જાણ થતા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી તંત્રના અધિકારી તુરંત જ સ્થળ પર પહોંચી ગયેલ અને પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ જેમાં સદરહુ કારખાનામાં ઇલેક્ટ્રીક શોર્ટસર્કિટને કારણે પ્રિન્ટિંગ શાહી ભરેલ મેટલના ડ્રમના સ્ટોરેજ એરિયામાં આગ લાગવાનું માલુમ પડે છે. વધુ તપાસ માટે એફ.એસ.એલના રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સદરહું કારખાનામાં છેલ્લા ૧૨ માસ કરતા વધુ સમયથી ઉત્પાદન પ્રક્રિયા બંધ થયેલ છે તથા મશીનરી ખસેડી લેવામાં આવેલ છે. આમ હાલમાં સદરહું સ્થળ પર કારખાના ધારા-૧૯૪૮ની જોગવાઈ લાગુ પડતી નથી કેમ કે બનાવની તારીખથી ૧૨ મહિના કરતા વધુ સમયથી મશીનરી ખસેડી લીધેલ છે તેમજ ઉત્પાદન પ્રક્રિયા બંધ છે.

નોંધ:-

(એમ) 'કારખાનું' એટલે કોઈ મકાન તથા તેની સ્થળહદ-

(૧) જેની અંદર દસ અથવા વધારે કામદારો કામ કરતા હોય અથવા આગલા બાર મહિનામાંના કોઈ દિવસે દસ અથવા વધારે કામદારોએ કામ કર્યું હોય અને તેના કોઈ ભાગમાં ઉત્પાદન પ્રક્રિયા વીજળીશક્તિની મદદથી થતી હોય અથવા સામાન્યતઃ એવી રીતે થતી હોય; અથવા

(૨) જેની અંદર વીસ અથવા તેથી વધારે કામદારો કામ કરતા હોય અથવા આગલા બાર મહિનામાંના કોઈ દિવસે વીસ અથવા તેથી વધારે કામદારોએ કામ કર્યું હોય, અને તેના કોઈ ભાગમાં ઉત્પાદન પ્રક્રિયા વીજળી શક્તિની મદદ વિના થતી હોય અથવા સામાન્યતઃ એવી રીતે થતી હોય;

પણ, તેમાં, ખાણ અધિનિયમ, ૧૯૫૨] લાગુ પડતો હોય તેવી ખાણનો અથવા સંઘના સશસ્ત્રદળની માલિકીના મોબાઈલ યુનિટનો, રેલવે રનિંગ શેડનો અથવા હોટલ, રેસ્ટોરાં અથવા ખાનપાનના સ્થળનો સમાવેશ થતો નથી.]

સદરહું બનાવ વખતે આગ ઓલવવા માટે આવેલ અગ્નિશામક દળના કુલ ૦૪(ચાર) કર્મચારીઓને આગ ઓલવવાની કામગીરી દરમિયાન દાઝી જવાથી ઇજાઓ થયેલ હતી. જેથી તેઓને સારવાર અર્થે આણંદ જિલ્લાની શ્રીક્રિષ્ના હોસ્પિટલ, કરમસદ, તા.જી. આણંદ ખાતે દાખલ કરવામાં આવેલ હતા. જે પૈકી ૨ (બે) કર્મચારીઓને સ્વસ્થ થતા રજા આપેલ છે તથા ૦૨(બે) કર્મચારીઓની સારવાર ચાલુ છે. દરેક કર્મચારીઓને હોસ્પિટલનો ખર્ચ સંસ્થા દ્વારા આપવા આવનાર છે તે મુજબની બાહેંધરી કારખાનેદાર દ્વારા આપવામાં આવેલ છે. જે પૈકી રૂ.૨,૭૯,૫૨૮/- (રૂપિયા બે લાખ અગણાએસી હજાર પાંચસો અઠ્યાવીસ) ની ચુકવણી કરવામાં આવેલ છે.

સદરહું કારખાનાનું લાયસન્સ વર્ષ ૨૦૨૪ સુધી રીન્યુ થયેલ હોઇ કારખાનાનું બિલ્ડીંગ આગના કારણે ક્ષતીગ્રસ્ત થયેલ હોઇ તેનું સ્ટેબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યા બાદ જ અન્ય કામગીરી ચાલુ કરી શકાશે તેવો મનાઇ હુકમ સાવચેતીના પગલારૂપે આપવામાં આવેલ છે.

છેલ્લા બે વર્ષમાં સદરહું કારખાનામાં કોઈપણ આગનો બનાવ બનેલ નથી પરંતુ તારીખ ૨૬/૦૩/૨૦૨૦ના રોજ કારખાનામાં આવેલ એલ.ડી. પ્લાન્ટમાં ઇલેક્ટ્રિક શોર્ટસર્કિટને કારણે આગ લાગવાનો બનાવ બનેલો હતો. જેમાં કોઈપણ શ્રમયોગીને મૃત્યુ કે ઈજા થયેલ નથી. આગના કારણે પ્લાન્ટના બિલ્ડીંગના સ્ટ્રક્ચરને તેમજ મશીનરીને નુકસાન થયેલ હોય નીચેના મુદ્દાઓ બાબતે કારખાના ધારા-૧૯૪૮ હેઠળ મનાઇ હુકમ આપવામાં આવેલ હતો.

- કારખાના માટે સ્ટેબિલિટી સર્ટિફિકેટ મેળવી રજૂ કરવું.
- ઈલેક્ટ્રીક ફીટીંગ અને વાયરીંગમાં થયેલ નુકસાન અને ફ્લેમપ્રુફ ઇલેક્ટ્રિકલ ફીટીંગ અને વાયરીંગ યોગ્ય છે તે અંગેનું નિષ્ણાત વ્યક્તિ પાસેથી સર્ટિફિકેટ રજૂ કરવું.

વળતર સંબધિત બાબત અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી નથી. અકસ્માતના કિસ્સામાં જે કારખાનાને રાજય કામદાર વિમા અધિનિયમ -૧૯૪૮ની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યાં રાજય કામદાર વિમા અધિનિયમ -૧૯૪૮ હેઠળ વળતર ચુકવવામાં આવે છે અથવા જયાં રાજય કામદાર વિમા અધિનિયમ  નોટીફાઇડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી (વળતર કમિશ્નર) દ્વારા વળતર ચુકવવામાં આવે છે. જે શ્રમયોગીઓના ઉમર, પગાર અને ઇજા આધારીત હોય છે.

## અગ્નિશામક દળના કર્મચારીઓની વિગતો:-

| ક્રમ | કર્મચારીનું નામ | ઇજા |
|---|---|---|
| ૧ | ઉમેદસિંહ બી. ઠાકોર | આગને કારણે દાઝી ગયેલ |
| ૨ | ભાવેશભાઇ વરૂ | આગને કારણે દાઝી ગયેલ |
| ૩ | વિશાલસિંહ ભુપતસિંહ ડોડ | આગને કારણે દાઝી ગયેલ |
| ૪ | મુકેશભાઇ અરૂણભાઇ પટેલ | આગને કારણે દાઝી ગયેલ |

ઉપરોકત પૈકી અનુંક્રમ નંબર ૨, ૩ અને ૪ ના આ કર્મચારી સ્વસ્થ થતા હોસ્પીટલ  ખાતેથી રજા આપવામાં આવેલ છે.

વધુમાં કારખાનેદાર દ્વારા તા. ૦૯/૦૮/૨૦૨૪ના રોજ કારખાના ધારા-૧૯૪૮ હેઠળ લાયસન્સ રદ કરવા અરજી કરેલ છે. જે મુજબ તા. ૩૦/૦૪/૨૦૨૩ના રોજ થી કારખાનુ બંધ કરેલ છે અને મશીનરી ખસેડી લેવામાં આવેલ છે.

*****************************************************************************************

તા.૨૨-૦૮-૨૦૨૪ નિયમ -૧૧૬

| પેટા પ્રશ્ન પુછનાર: શ્રી ગોવિંદભાઇ પરમાર (ઉમરેઠ) | |
|---|---|
| પ્રશ્ન-૧ | સદરહું સંસ્થાને કારખાના ધારો લાગુ પડે છે કે કેમ?<br>જો ના તો કારખાનો ધારો લાગુ નહિ પડવાનું કારણ શુ છે? |
| જવાબ | ના,<br>સદરહુ સંસ્થાને હાલમાં કારખાના ધારો લાગુ પડતો નથી કારણકે,<br>તા.30/0૪/૨0૨3 થી સદરહુ કારખાનામાંથી મશીનરી ખસેડી લીધેલ છે અને ઉત્પાદન પ્રક્રિયા બંધ છે. આમ, અકસ્માતના સમયે સદરહુ સંસ્થામાં છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી સદરહુ કારખાનામાં ઉત્પાદન પ્રક્રિયા બંધ હોય અને કારખાનામાંથી મશીનરી ખસેડી લીધેલ હોય કારખાના ધારા-૧૯૪૮ ની કલમ- ૨-એમ મુજબ અકસ્માતના સમયે સદરહુ કારખાનાને કારખાના ધારો લાગુ પડતો નથી. |

તા.૨૨-૦૮-૨૦૨૪ નિયમ -૧૧૬

| પેટા પ્રશ્ન પુછનારઃ શ્રી કમલેશભાઇ પટેલ (પેટલાદ) | |
|---|---|
| પ્રશ્ન-૨ | સદરહું અકસ્માતમાં દાઝી ગયેલ કર્મચારીઓને કારખાના તરફથી તત્કાલિક કોઇ સહાય ચુકવવામાં આવેલ છે કે કેમ ? |
| જવાબ | અકસ્માતમાં અગ્નિશામક દળનાં કર્મચારીઓ દાઝી ગયેલ કર્મચારીઓને માનવતાના ધોરણે સદરહું સંસ્થા દ્વારા તબીબી સારવારનો તમામ ખર્ચ ચૂકવવાની બાંહેધરી આપવામાં આવેલ છે જે પૈકી હજુ સુધી રૂ.૨,૭૯,૫૨૮/- (રૂપિયા બે લાખ અગણાએસી હજાર પાંચસો અઠ્યાવીસ) ચુકવવામાં આવેલ છે. |

નોંધ : તા.૨૧.૦૮.૨૦૨૪ ના રોજ સાંજના એક કર્મચારી સાજા થવાથી હોસ્પિટલમાંથી રજા આપેલ છે. આમ કુલ-3 કર્મચારીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

તા.૨૨-૦૮-૨૦૨૪ નિયમ -૧૧૬

| પેટા પ્રશ્ન પુછનારઃ શ્રી કલ્પેશભાઇ પરમાર (માતર) | |
|---|---|
| પ્રશ્ન-3 | સદરહુ કારખાનાની તપાસ છેલ્લે ક્યારે કરેલ ? |
| જવાબ | તા.૦૬.૦૪.૨૦૨૨ ના રોજ તપાસણી કરેલ છે. જેમાં કારખાનાધારાની વિવિધ જોગવાઇઓ તથા સલામતી બાબતની સૂચનાઓ આપેલ હતી. તથા તા.૧૯.૦૫.૨૦૨3 ના રોજ મુલાકાત લીધેલ હતી જે સમયે કારખાનું બંધ હતુ અને મશીનરી ખસેડી લેવામાં આવેલ હતી. |